# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૩૦–૦૬–૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં 'કવોલિટી,એનર્જી ,એન્વાયરમેન્ટ એન્ડ સેફટી' વિશે સેમીનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સાઉથ ગુજરાત પ્રોડકટિવિટી કાઉન્સિલના સંયુકત ઉપક્રમે 'કવોલિટી,એનર્જી,એન્વાયરમેન્ટ એન્ડ સેફટી' વિશે એક સેમિનાર યોજાયો હતો.આ સેમીનારમાં સેન્ટ્રલ બોર્ડ ફોર વર્કર્સ એજયુકેશનના ડાયરેકટર,ગુજરાત શ્રી આર.કે.ઠકકર મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહયા હતા અને માગદર્શક વકતવ્ય રજૂ કયું હતું.

સેમિનારના આરંભે ચેમ્બરના પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના આવકાર પ્રવચનમાં કહયું હતું કે,વૈશ્વિક સંદર્ભમાં આજે જે વિષયની ચર્ચા કરવાના છીએ એ અતિ મહત્વના છે.જો આપણે સમયની સાથે બદલાઈશું નહીં તો સમય આપણને બદલી નાંખશે.આજના વૈશ્વિક હરિફાઈના માહોલમાં જો આપણે કવોલિટીના મુદદે સજાગ નહીં રહીશું તો ટકી શકીશું નહીં. કવોલિટી,એનર્જી,એન્વાયરમેન્ટ અને સેફટીના મુદદે કોઈ સમાધાન નહીં કરવા સુચન કરતાં તેમણે કહયું હતું કેઆ બાબતોનું મહત્વ વિકાસની દ્રષ્ટિએ ઘણું છે.

સેમિનારના મુખ્ય વકતા શ્રી આર.કે.ઠકકરે કહયું હતું કે,કોઈપણ સંગઠિતક્ષેત્ર માટે કવોલિટી,એનર્જી,એન્વાયરમેન્ટ અને સેફટી એ અતિ મહત્વના મુદદાઓ છે.કવોલિટી એટલે કે ગુણવત્તા એ માત્ર ઉત્પાદન માટેની બાબત નથી,એ સેવાક્ષેત્ર માટે પણ મહત્વની બાબત છે.ઉત્પાદનમાં ગુણવત્તા ત્યારે જ આવી શકે જયારે ઉત્પાદનની પ્રક્રિયામાં ગુણવત્તા જળવાઈ હશે.એ રીતેજ ગુણવત્તાના માપદંડો પણ સતત બદલાતા રહે છે.ગુણવત્તા માટે જાણકારી અને એનો અમલ કરવાની તૈયારી પણ જરૂરી છે.વૈશ્વિક હરિફાઈના માહોલમાં બજારમાં ટકી રહેવા માટે ગુણવત્તા જ ઉપયોગી બની શકશે.તેમણે એમ પણ કહયું હતું કે,પર્યાવરણના ભોગે વિકાસ થાય એ યોગ્ય નથી. એની જાળવણી એ માત્ર કાનૂની નહીં પરંતું સામાજિક જવાબદારી ગણાવી જોઈએ.આ મુદદે ઘણાં બિનસરકારી સંગઠનો ઘણી સારી કામગીરી કરી રહયા છે.ઉર્જા ઉત્પાદન,ઉર્જા બચત અને ઉર્જાસ્રોતોની જાળવણી પણ અતિ મહત્વની બાબતો છે.તેમણે સુરક્ષાના મુદદાને ઉદ્યોગો માટે ઘણો મહત્વનો ગણાવ્યો હતો.ગુજરાતમાં વિકસેલા કેમિકલ ઉદ્યોગ સામે આ મુદદે ઘણી મુશ્કેલીઓ આવી રહી છે. પર્યાવરણ જાળવણીના મુદદે પણ આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંગઠનો ચળવળ ચલાવી રહયા છે.આ ચારે મુદદાઓ વિશે વિશાળ જાગૃતિ લાવવી પડશે.તેમણે કહયું હતું કે આ ચાર બાબતો પાછળ કરવો પડનારો ખર્ચ એ ખર્ચ નથી પરંતું લાંબાગાળાનું રોકાણ ગણાશે.

સેમિનારના સમાપન વકતવયમાં ચેમ્બરના ભુ.પુ.પ્રમુખશ્રી પ્રેમકુમાર શારદાએ કહયું હતું કે આજના સંદર્ભમાં જે ચાર મુદદાઓની ચર્ચા અહીં થઈ છે એ ખરેખર ખૂબ જ મહત્વની છે.આપણે આ મુદદે ઘણું કરી શકીએ એમ છે.

સેમિનારના અંતે ભુ.પુ.પ્રમુખશ્રી દિનેશ માંડલેવાળાએ આભારવિધિ આટોપી હતી.